અનુસૂચિત જાતીના લોકોનું સામૂહિક સ્થળાંતર, એટ્રોસીટીની ફરિયાદો અને તેના નિકાલ તેમજ અત્યાચારની ફરિયાદો સંબંધે તા. ૩૦-૦૬-૦૧૫ના રોજ યોજાયેલ અનુસૂચિત જાતિના કલ્યાણ માટેની સમિતિની બેઠક બાબત.

ગુજરાત સરકાર
અતહ-૧૩૧૨-વિ સભા-૨-ઝ
ગૃહ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા.૦૩-૦૭-૨૦૧૫.

વંચાણે લીધાઃ-પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીના તા.૨૬-૦૬-૨૦૧૫ ના પત્ર ક્રમાંકઃ-જી-૨/૧૯૨૬/અ.જા.ક. અજાતિ મિટીંગ/૧૨૩૧/૨૦૧૫

## પરિપત્ર

તા.૦૭-૦૫-૨૦૧૩ તેમજ તા. ૩૦-૦૬-૨૦૧૫ના રોજ વિધાનસભા સચિવાલય ખાતે યોજાયેલ અનુસૂચિત જાતિના કલ્યાણ માટેની સમિતિની બેઠકમાં થયેલ ચર્ચામાં નીચે મુજબની બાબત ઉપસ્થિત થયેલ હતી.

(૧) દરેક જીલ્લામાં જીલ્લા કલેકટરશ્રીઓના અધ્યક્ષ સ્થાને તકેદારી સમિતિની બેઠક મળે છે તે પ્રમાણે જીલ્લા કક્ષાએ તથા કમિશ્નરશ્રી કક્ષાએ અનુસૂચિત જાતિના લોકોની એટ્રોસીટી ફરિયાદો તથા અનુસૂચિત જાતિ સામે થતા ગુના બાબતે ફરિયાદ અંગે થયેલ કાર્યવાહીની સમીક્ષા કરવા મિટીંગ બોલાવવા તથા આ મિટીંગ બોલાવવાની જવાબદારી કોઇ ચોક્કસ અધિકારીને સોંપવા બાબત સૂચન થયેલ છે. આ બાબતે જરૂરી સૂચના આપતો પરિપત્ર બહાર પાડવા સમિતિએ સૂચન કરેલ.

પ્રસ્તુત બાબતમાં સંદર્ભમાં ક્રમાંકઃ ૧,પર દર્શાવેલ પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીના તા. ૨૬-૦૬-૨૦૧૫ના પત્રથી સબંધીતોને જરૂરી સૂચના આપવામાં આવેલ છે. પ્રસ્તુત બાબતમાં સમિતિની તા. ૩૦-૦૫-૨૦૧૫ની બેઠકમાં થયેલ સૂચન પ્રમાણે સરકારશ્રી કક્ષાએથી પણ આ બાબતમાં સૂચના આપવાની રહે છે. અનુસૂચિત જાતિના કલ્યાણ માટેની સમિતિનું ઉપર્યુકત સૂચન અન્વયે વિવિધ જિલ્લાઓમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ સંબંધી કાયદા હેઠળ બનેલ તમામ બનાવોની વિગતવાર સમીક્ષા પોલીસ કમિશ્નરશ્રીઓ તેમજ પોલીસ અધિક્ષકશ્રીઓ દ્વારા ચોક્કસ તારીખોએ મિટીંગો યોજી કરવામાં આવે તે જરૂરી છે. જેથી સમાજના દલિત વર્ગોને ન્યાય મેળવવામાં વિલંબ ન થાય અને આમ જનતાને ન્યાયના શાસનમાં વિશ્વાસ ટકી રહે. ઉકત વિગતે તમામ પોલીસ કમિશ્નરશ્રીઓ તેમજ પોલીસ અધિક્ષકશ્રીઓને અનુસૂચિત જાતિ કલ્યાણ સમિતિના આ સૂચનનું સંપુર્ણ પાલન થાય તે મુજબ નીચેની વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

(૧) તમામ પોલીસ કમિશ્નરશ્રી તથા તમામ પોલીસ અધિક્ષકશ્રી (પશ્ચિમ રેલવે વડોદરા/અમદાવાદ સહિત)નાઓએ અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિ સંબંધિત કાયદા હેઠળ બનેલ ગુનાઓ સંબંધિત બનાવોની વિગતવાર સમીક્ષા કરવા દર ત્રણ માસે સમિતિની બેઠક યોજવાની રહેશે.

(૨) આ સમિતિના સભ્ય સચિવ તરીકે નાયબ પોલીસ અધિક્ષક (એસ.સી. એસ.ટી) રહેશે તેમને સમિતિની મિટીંગનું સંચાલન કરવાની જવાબદારી રહેશે.

(૩) સંબંધિત કમિશ્નરશ્રી તથા પોલીસ અધિક્ષકશ્રીના પરામર્શમાં સમિતિમા બોલાવવાના થતા સભ્યો નક્કી કરવાના રહેશે જેમાં કલેકટરશ્રી દ્વારા તકેદારી સમિતિની બેઠકના સંબંધીત સભ્યોનો સમાવેશ થાય તે જોવાનું રહેશે.

(૪) રાજયમાં અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિ સંબંધિત કાયદા હેઠળ બનેલ બનાવની વિગતવાર સમીક્ષા નિયમિત રીતે કરવાની રહેશે.

ઉપરોકત સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા સર્વેને આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(યોગેશ બી. દવે)
ઉપ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

-અધિક મુખ્ય સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, પોલીસ ભવન, ગાંધીનગર.

- તમામ પોલીસ કમિશ્નરશ્રી

- તમામ પોલીસ અધિક્ષકશ્રી

- તમામ નાયબ પોલીસ અધિક્ષકશ્રી (એસ.સી.એસ.ટી સેલ) (પોલીસ કમિશ્નરશ્રી અને પોલીસ અધિક્ષકશ્રી મારફત)

-સિલેકટ ફાઇલ.